GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST. – VALSAD (GUJARAT)

# NEWSLETTER

JULY - DEC., 2020 Number 18



*My life is My Message*

**PATRON**
Dr R. A. Khimani

**Chief Editor**
Dr R. F. Thakor
Senior Scientist & Head

**Editorial Team**
Shri K. A. Patel
Shri A. R. Patel
Shri L. T .Kapur
Shri M. M. Gajjar

**Support**
Dr B. M. Patel
Shri P. J. Joshi
Smt P. R. Ahir
Smt P. B. Ratiya
Shri P. R. Patel

*Half Yearly Newsletter Published by*

Gujarat Vidyapith
KRISHI VIGYAN KENDRA
AMBHETI –396 191
Dist. Valsad (Gujarat)
E-mail : kvkvalsad@gmail.com
Website : www.kvkvalsad.org

## SAC Meeting

30th Scientific Advisory Committee Meeting of KVK, Valsad was arranged on 15th Oct.,2020 under the chairmanship of Dr Rajendra Khimani, Director, Gujarat Vidyapith. The DEE and scientists of NAU, Navsari, officials from various department of district and farmers members were participated. Dr R. F. Thakor, Chief Scientist & Head and experts of KVK presented the activities carried out during last year. The members appreciated the progress made by KVK and gave valuable suggestions.



## વૈજ્ઞાનિક સલાહકાર સમિતિ બેઠક

કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ૩૦મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક તા.૧૫-૧૦-૨૦૨૦ ના રોજ કેવીકે ખાતે ગૂજરાત વિદ્યાપીઠના માનદ્ નિયામકશ્રી ડૉ.રાજેન્દ્રભાઇ ખીમાણીના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં નવસારી કૃષિ યુનિ. ના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી તથા વૈજ્ઞાનિકશ્રીઓ, જીલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ તથા ખેડુત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રના નિયામકશ્રી ડૉ. આર. એફ. ઠાકોર તથા કેન્દ્રના તજજ્ઞો દ્વારા ગત વર્ષ દરમ્યાન કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓના અહેવાલ રજૂ કરવામાં આવ્યાં. ઉપસ્થિત સભ્યોએ કેન્દ્રની વિવિધલક્ષી કામગીરીને બિરદાવી હતી અને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

## Kisan Vigyan Day

Kisan Vigyan Day was celebrated on 25th Dec., 2020 . The webcast programme of Hon. P.M. speech was arranged at KVK in which about 78 farmers from different villages were participated. The interaction with successful progressive farmers from various states during the live telecast programme was inspirable for the farmers to improve their farming. The istallment under the P. M. Kisan Samman Nidhi scheme was also released on this occasion. The farmers were also guided on the new farm acts.



## કિસાન વિજ્ઞાન દિવસ

તા. ૨૫/૧૨/૨૦૨૦ના રોજ કિસાન વિજ્ઞાન દિવસની ઉજવણી નિમિત્તે મા. પ્રધાનમંત્રીશ્રીના પ્રવચનનું જીવંત પ્રસારણ નિહાળવા માટેનો કાર્યક્રમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજવામાં આવ્યો. જેમાં જુદા જુદા ગામના અંદાજે ૭૮ જેટલા ખેડુત ભાઇ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમ્યાન પ્રધાનમંત્રીશ્રીના જુદા જુદા રાજ્યોના પ્રગતિશીલ સફળ ખેડુતો સાથેના વાર્તાલાપ દ્વારા ઉપસ્થિત ખેડુતોને સફળ ખેતી કરવા માટે પ્રેરણા મળી હતી. આ પ્રસંગે પ્રધાનમંત્રી દ્વારા પી. એમ. કિસાન સમ્માન નિધિ યોજના અંતર્ગત ખેડુતોને સહાયની રકમ ચૂકવવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમ્યાન નવા કૃષિ અધિનિયમોની સમજ ખેડુતોને આપવામાં આવી હતી.

**કિસાન કોલ સેન્ટર ૧૮૦૦૧૮૦૧૫૫૧**

## World Soil Day

With objective of soil health management, World soil day was celebrated on 05/12/2020 at KVK on theme “ Keep soil alive, protect soil biodiversity”. More than 50 farmers of Khutli, Panas, Amdha and Arnai villages were participated in the programme. The participants guided on various components of soil health management through webinar organized by Indian Society of soil science and Anand Agri. University. The liquid bio-fertilizers were also provided to the farmers for demonstration purpose.





## વિશ્વ જમીન દિવસ

જમીન તંદુરસ્તી ની જાળવણી થાય તે હેતુથી તા. ૦૫/૧૨/૨૦૨૦ ના રોજ કેવીકે ખાતે “Keep soil alive, protect soil biodiversity (જમીનને જીવંત બનાવો, જમીનની જૈવ વિવિધતાની જાળવણી કરો)” વિષય આધારીત વિશ્વ જમીન દિવસ ઉજવણી કાર્યક્રમ યોજાયેલ જેમાં ખુંટલી, પાનસ, આમધા અને અરણાઇ ગામોના અંદાજીત ૫૦ ખેડુતોએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમ્યાન ઇન્ડીયન સોસાયટી ઓફ સોઇલ સાયન્સ અને આણંદ કૃષિ યુનિવર્સિટી આયોજીત વેબીનાર દ્વારા જમીન તંદુરસ્તીની જાળવણી માટે કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ

## Farmer Day

KVK celebrated Farmers Day on 23rd Dec., 2020 at Niloshi village of Kaprada block on occasion of birthday of our Ex. PM and farmers leader Late Shri Charansinh Chaudhary which is celebrated as National Farmer Day. More than 46 farmers were participated in this programme.



## રાષ્ટ્રીય કિસાન દિવસ

ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને ખેડૂત નેતા સ્વ. ચરણસિંહ ચૌધરીના જન્મદિવસને ‘રાષ્ટ્રીય કિસાન દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે. કેન્દ્ર દ્વારા આ વર્ષે તા. ૨૩/૧૨/૨૦૨૦ ના રોજ કપરાડા તાલુકાના નિલોશી ગામે ઉજવવામાં આવેલ કિસાન દિવસના કાર્યક્રમમાં અંદાજે ૪૬ જેટલા ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

## Women in Agriculture Day

The women in Agriculture Day was celebrated on 15th Oct., 2020 in which about 35 farm women participated. They were motivated for vegetable nursery raising, mushroom cultivation and nutritional garden.



## મહિલા કિસાન દિવસ

તા. ૧૫-૧૦-૨૦૨૦નાં રોજ મહિલા કિસાન દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં ૩૫ મહિલાઓ ઉપસ્થિત રહી જેમને શાકભાજી ધરુ ઉછેર, મશરૂમ ઉત્પાદન, ન્યુટ્રીશનલ ગાર્ડન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

## Gujarat Vidyapith Centenary

Activities on organic farming, water conservation, save energy, lectures on Gandhian ideology, women empowerment, nutrition management, prayer, etc. were conducted by KVK on occasion of Gujarat Vidhyapith - host institution of KVK centenary year.



## ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ

ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ની ઉજવણીના ભાગ રૂપે કેન્દ્ર દ્વારા પાણી બચાવ, ઉર્જા બચાવ, સજીવ ખેતી, ગાંધી વિચાર પર વ્યાખ્યાન, મહિલા મંડળ સાથેની પ્રવૃત્તિ જેવીકે વાનગી હરીફાઇ, કીચન ગાર્ડન, વગેરે વિષયો પર પ્રવૃત્તિઓ કરવામાં આવી.

## Education Day

The Education Day was celebrated on 5th Sep., 2020 in which inspiring thoughts were delivered by Hon. Chancellor and Vice chancellor of Gujarat Vidyapith and other dignitories through webcasting.



## શિક્ષક દિવસની ઊજવણી

તા. ૦૫/૦૯/૨૦૨૦ના રોજ શિક્ષક દિવસની ઉજવણીના ભાગરૂપે કેન્દ્રના સેવકો દ્વારા ગૂજરાત વિદ્યાપીઠના મા. કુલાધિપતિ, મા. કુલનાયકશ્રી અને અન્ય મહાનુભાવોના પ્રવચનો વેબકાસ્ટીંગ દ્વારા નિહાળવામાં આવ્યા

## Front Line Demonstrations

### Field Day

Front line Demonstration on Finger millet var. Guj. Nagli. 5 was organized with vermicompost, biopesticides and biofertilizers technology during kharif season. Field Day on Nagli was organized on 2nd Oct.,2020 at Nandgam village in which about 46 farmers were participated.. Similarly, Field Day on pigeonpea was organized at Nanivahiyal village in which about 30 farmers were participated.

### Biocontrol of pest and diseases

Demonstration on biopesticides like Neem oil, Pseudomonas, Beuvaria, etc. was organized in paddy, pigeonpea, finger millet and bittergourd crops. Similarly, demonstration on biocontrol of pest and diseases was also organized in NICRA, PKVY and Nutri cereal project.

### Crop : Chickpea

Under National Food Security Mission (NFSM), Cluster Frontline Demonstrations on chickpea was conducted on 10 ha (25 farmers) in Dhodhadkuva, Pati, Nani Vahiyal and Sadadvera villages during Rabi 2020-21. The wilt disease resistant and bold seeded variety GJG-3 was demonstrated with recommended practices.

### Crop : Indian bean

Front Line Demonstration on improved variety of Indian bean Guj. Val. 2 was laid down at Lakhmapor, Khutli, Motipalsan, Lavkar, Amdha, Niloshi and Ozar villages under 9.7 ha (97 farmers) in Rabi season.

### Vermicompost

Five demonstrations on vermi bed was organized at Kherlav village to assist farmers for quality production of vermicompost using farm waste on their own field.

### NARI project

Demonstration on nutritional garden (Gangama Circle) was organized for supervisors of ICDS and Anganwadi workers by providing 100 kits of vegetables seed and fruit plants for food security by organic farming. Demo on nursery raising with plug tray, cocopit, vermicompost and nutritional garden also conducted for 25 households.














## અગ્ર હરોળ નિદર્શનો

### ક્ષેત્રદિન ની ઉજવણી

નાગલી પાકની સુધારેલ જાત ગુજ. નાગલી-૫ ના નિદર્શનોમાં વર્મીકમ્પોસ્ટ, જૈવિક રોગ જીવાત નિયંત્રણ અને જૈવિક ખાતરોના ગોઠવેલ નિદર્શનો અંતર્ગત તા. ૦૨/૧૦/૨૦૨૦ના રોજ નાંદગામ ખાતે ફિલ્ડ ડે યોજાયેલ. આ ઉપરાંત તુવેર પાકના નિદર્શન અંતર્ગત નાનીવહીયાળ ગામે આયાજીત ક્ષેત્રદિનમાં ૩૦ જેટલા ખેડુતોએ ભાગ લીધો હતો.

### જૈવિક રોગ જીવાત નિયંત્રણ

ડાંગર, તુવેર, નાગલી અને કારેલાં પાકોમાં રોગ જીવાતોના જૈવિક નિયંત્રણ માટે નીમ ઓઇલ, સુડોમોનાસ, બીવેરીયા જેવી જૈવિક દવાઓના નિદર્શન ગોઠવવામાં આવ્યાં. આ ઉપરાંત નિકરા, પરંપરાગત કૃષિ વિકાસ યોજના, ન્યુટ્રી સીરીયલ યોજના અંતર્ગત ડાંગર અને નાગલીમાં જૈવિક રોગ જીવાત નિયંત્રણના નિદર્શન ગોઠવવામાં આવ્યાં

### ચણા પાક

એન.એફ.એસ.એમ. કઠોળ પ્રોજેક્ટ અંતર્ગત ચણા પાકનું ઉત્પાદન વધારવા અને નવી સુધારેલ જાત ખેડુતો કરતા થાય એ હેતુથી ૧૦ હેક્ટર વિસ્તારમાં ૨૫ જેટલા ખેડુત સહયોગીઓને સુકારા રોગ સામે પ્રતિકારક એવી મોટા દાણાવાળી ચણાની નવી સુધારેલી જી.જે.જી.- ૩ જાતનાં અગ્ર હરોળ નિદર્શનો ગોઠવવામાં આવ્યા.

### વાલ પાક

લખમાપોર, ખુંટલી, મોટી પલસણ, લવકર,આમધા, નિલોશી અને ઓઝર ગામે ૯.૭ હેક્ટર વિસ્તારમાં ૯૭ ખેડુતોના ખેતરે **વાલ પાકમાં સુધારેલ જાત ગુજરાત વાલ-૨** ના નિદર્શન ગોઠવવામાં આવ્યા.

### વર્મીકમ્પોસ્ટ

ખેડુતો ગુણવત્તાયુક્ત વર્મીકંપોસ્ટ પોતાના ઘર આંગણે પેદા કરી શકે અને જમીનની તંદુરસ્તી સુધરે તે હેતુથી કાકડકોપર અને ખેરલાવ ગામના ૫ ખેડુતોને વર્મી કંપોસ્ટ બેડના નિદર્શન આપવામાં આવેલ.

### NARI પ્રોજેક્ટ

સજીવ ખેતી થકી તાજા શાકભાજી બારેમાસ મેળવી શકે તે માટે ન્યુટ્રીશનલ ગાર્ડન (ગંગામાં વર્તુળ) માટે ICDSનાં સુપરવાઇઝર બહેનો અને આંગણવાડી કાર્યકરો તેમજ ખેડુત મહિલાઓને ૧૦૦ શાકભાજી કીટ તથા ફળઝાડનાં રોપા આપવામાં આવ્યાં. ૨૫ બહેનોને પ્લગ ટ્રે, કોકોપીટ અને વર્મીકમ્પોસ્ટ આપવામાં આવ્યું. આ ઉપરાંત આમધા ગામે NARI પ્રોજેક્ટ અંતર્ગત કીચન ગાર્ડનના ૨૫ નિદર્શન ગોઠવવામાં આવેલ.

## Poshan Mah

Poshan Mah was celebrated during 1st to 30th Sep.,2020 to aware the Anganwadi workers and farm women about balanced diet and biofortified varieties. Various programmes like nutri thali from locally available grains and vegetables, Nutri rich food item competition, tree plantation etc. were organized in which about 283 women participated.



## પોષણમાસની ઉજવણી

આંગણવાડી કાર્યકર બહેનો અને ખેડુત મહિલાઓને પોષણક્ષમ આહાર તથા બાયોફોર્ટીફાઇડ જાતોથી માહિતગાર કરવા માટે તા. ૦૧ થી ૩૦ સપ્ટે.,૨૦ દરમ્યાન રાષ્ટ્રીય પોષણમાહની ઉજવણી કરવામાં આવી. જેમાં સ્થાનિક ઉપલબ્ધ અનાજ/ શાકભાજીમાંથી ન્યુટ્રીથાળી, સલાડ, પૌષ્ટિક નાસ્તા અંગે વાનગી હરિફાઇ અને વૃક્ષારોપણ જેવાં કાર્યક્રમો કરવામાં આવ્યા જેમાં ૨૮૩ બહેનોએ ભાગ લીધો.

## Soil Testing Compaign

To motivate farmers about soil testing, Soil testing compaigns were organized at Butsar, Sarangpur, Velvach, Jespor, Vagaldhara and Nandvala villages of Valsad block. More than 127 farmers were guided by KVK scientist on importance of soil health and soil testing.



## જમીન ચકાસણી ઝુંબેશ

ખેડુતોને જમીન ચકાસણી માટે પ્રોત્સાહીત કરવા માટે વલસાડ તાલુકાના ભૂતસર, સારંગપુર, વેલવાચ, જેસપોર, વાગલધરા અને નાંદવલા ગામોમાં જમીન ચકાસણી ઝુંબેશનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં કુલ ૧૨૭ ખેડુતોને કેન્દ્રના નિષ્ણાંત દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ.

## Swachchata Pakhwada

Swachchata Pakhwada was celebrated during 16th to 31st Dec., 2020. Various programmes on cleaning awareness, management of farm waste, water conservation, organic farming, compost making, eco-friendly technologies, kitchen gardens, etc. were organized during the pakhwada.



## સ્વચ્છતા પખવાડા

તા. ૧૬ થી ૩૧ ડીસેમ્બર સુધી સ્વચ્છતા પખવાડીયુ તરીકે ઉજવણી કરવામાં આવી. વલસાડ જીલ્લાના ગોઇમા, રાબડી, ઓઝર, કાકડકોપર વગેરે ગામોમાં સફાઇ અભિયાન ઉપરાંત સેન્દ્રિય કચરાનુ યોગ્ય વ્યવસ્થાપન, જળ સંરક્ષણ, સજીવ ખેતી, ખેતરના કચરામાંથી ખાતર બનાવવુ તથા ઇકોફ્રેન્ડલી તાંત્રિકતાઓ દ્વારા કિચન ગાર્ડનની જાગૃતિ માટે ખેડુત શિબિર, વક્તવ્ય, જેવા કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતું.

## DAMU Project

Total 52 Agromet Advisory Services were delivered to the farmers and 13 awareness programmes for farmers were organised in which detail information about weather forecasting, agromet advisory services, Meghdut & Damini mobile application, etc. were provided to about 390 farmers.



## "DAMU" પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટ અંતર્ગત કુલ **૫૨** કૃષિ હવામાન સલાહકારી સેવા ખેડુતોને આપવામાં આવી. પ્રોજેક્ટ અંતર્ગત ૧૩ ખેડુત જાગૃત્તતા કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં વિવિધ ગામોનાં ૩૯૦ જેટલા ખેડુતોને કૃષિ હવામાન સલાહકારી સેવા, મેઘદૂત અને દામિની મોબાઇલ એપ્લીકેશન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ.

**BOOK - POST**

**From -**
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via. Vapi
Ta. Kaprada, Dist. Valsad (Gujarat) 396191